# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-12-2024** **Morning : 7.10 to 7.20**

**Day: Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

........................................................................................................................................

1) પ્રધાનમંત્રીની વર્ચ્યુઅલી ઉપસ્થિતિમાં યોજનારા સ્વામિત્વ કાર્ડ વિતરણ કાર્યક્રમમાં અમદાવાદ ખાતેથી મુખ્યમંત્રી રાજ્યના 721 ગામોમાં 1 લાખ 20 હજાર પ્રોપર્ટીકાર્ડનું વિતરણ કરશે.
2) પૂર્વ પ્રધાનમંત્રી ડૉક્ટર મનમોહનસિંઘના નિધન અંગે શોક વ્યક્ત કરતાં મુખ્યમંત્રી. - રાજ્યભરમાં પણ આજે શોક પળાશે
3) રાજ્યના સ્વાગત ઓનલાઇન કાર્યક્રમ અંતર્ગત મળેલી 73માંથી 60 રજૂઆતોના નિવારણ માટે યોગ્ય પગલાં લેવાયા.
4) આગામી 31મી ડિસેમ્બર અગાઉ રાજ્યનું પોલીસ તંત્ર એલર્ટ મોડ ઉપર - ઉજવણી માટેની પાર્ટીઓના આયોજન માટે મંજૂરી ફરજીયાત કરાઇ
5) રાજ્યના અનેક વિસ્તારોમાં ગત મોડી સાંજથી વહેલી સવાર સુધી કમોસમી વરસાદના ઝાંપટાં.
6) વિજય હઝારે ટ્રોફીમાં ગુજરાતે આસામ સામે 9 વિકેટે જીત મેળવી, તો હાર્વિક દેસાઈની સદીથી સૌરાષ્ટ્રની ટીમનો હૈદ્રાબાદ સામે વિજય.

---

# SWAMITVA CARD

સ્વામિત્વ યોજના અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને દેશભરમાં પ્રોપર્ટી કાર્ડ ઈ-વિતરણ કાર્યક્રમ યોજાશે, ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદમાં સાયન્સ સિટી સાલ એજ્યુકેશન ઓડિટોરિયમ ખાતે રાજયકક્ષાનો કાર્યક્રમ યોજાશે

દેશના લગભગ 46,000 વધુ ગામોમાં 50 લાખથી વધુ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કરવામાં આવશે જેમાં રાજ્યભરમાં કુલ 721 ગામોમાં 1 લાખ 20 હજાર પ્રોપર્ટીકાર્ડનું વિતરણ કરાશે. તમામ ગામડાઓના નાગરિકોને તેમની મિલકતો પરનો કાયદેસર હક સુનિશ્ચિત થાય તે હેતુથી સમગ્ર દેશમાં સ્વામિત્વ યોજના અમલમાં મુકવામાં આવી છે.

સ્વામિત્વ યોજના અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા વર્ષ 2021થી રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં નાગરિકોને તેમના રહેણાંકની મિલકતના અધિકાર આપતો પુરાવો એટલે કે પ્રોપર્ટીકાર્ડ બનાવવા માટે ઝડપી અને પારદર્શક રીતે કામગીરી શરૂ કરવામાં આવી છે. જેમાં ગુજરાત રાજ્ય સમગ્રદેશમાં બીજા તબક્કાના રાજ્યોમાં પ્રથમ નંબરે છે. સ્વામિત્વ યોજના અંતર્ગત રાજ્યના કુલ 33 જિલ્લાના 13 હજાર 714 ગામોમાં ડ્રોન દ્વારા માપણીની કામગીરી પૂર્ણ કરાઇ છે, જે પૈકીના ૬ હજાર 859 ગામોમાં પ્રમોલગેશનની કામગીરી પુર્ણ કરી કુલ 11 લાખ 83 હજાર 606 પ્રોપર્ટીકાર્ડ તૈયાર કરવામાં આવેલ છે.

------------------------------------------------------------------

# CM TWEET

દેશના પૂર્વ પ્રધાનમંત્રી ડૉક્ટર મનમોહનસિંઘનું ગઇકાલે નિધન થયું હતું. 92 વર્ષની જૈફ વયે તેમનું નિધન થતાં દેશમાં શોકનો માહોલ પ્રવર્તી રહ્યો છે.

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ડૉક્ટર મનમોહનસિંઘના નિધન અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણ સોશિયલ મિડીયા પોસ્ટ X ના માધ્યમથી દુખ વ્યક્ત કરતાં કહ્યું હતું કે, દેશના વિકાસમાં ડોક્ટર મનમોહનસિંઘનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. આ દુઃખના પ્રસંગે રાજ્યભરમાં પણ શોક પાડવામાં આવશે.

-----------------------------------------------------------------------

## SWAGAT ONLINE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલ રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં વિભાગોના વરિષ્ઠ અધિકારીઓએ 73 રજૂઆતોમાંથી 60 રજૂઆતો સાંભળીને નિવારણની દિશામાં યોગ્ય કાર્યવાહી હાથ ધરી છે અને નાગરિકોની રજૂઆતો પ્રત્યક્ષ સાંભળીને તેનું સ્થળ પર નિવારણ લાવ્યા હતા.

આ તમામ માંથી 13 રજૂઆતો મુખ્યમંત્રી સમક્ષ આવી હતી તેમાં પણ સંબંધિત વિભાગના વરિષ્ઠ સચિવો, ખાતાના વડાઓ, જિલ્લા અને તાલુકાના વહિવટી તંત્રના અધિકારીઓ સાથે વિડિયો કોન્ફરન્સ દ્વારા ચર્ચા પરામર્શ કરીને નિવારણ કરીને આ રજૂઆતોનું નિવારણ લાવવામાં આવ્યું હતુ.

દર મહિનાના ચોથા ગુરુવારે યોજવામાં આવતા સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત 26મીના ગુરૂવારના રોજ મુખ્યમંત્રી સમક્ષ જે રજૂઆતો આવી હતી. તેમાં મહેસુલ, પંચાયત, પોલીસ, શહેરી વિકાસ, શિક્ષણ, સહકાર જેવા વિભાગોનો સમાવેશ થયો હતો. પ્રજાજનોની સમસ્યા કે રજૂઆતોને તાત્કાલિક ધ્યાને લઈ તેના નિવારણ માટે પ્રો-એક્ટિવ એપ્રોચ અપનાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૂચન કર્યું હતું.

-----------------------------------------------------------------------

# Gujarat Police – 31 Dec.

ગુજરાતનું પોલીસ તંત્ર 31 ડિસેમ્બર નજીક આવતા સતર્ક બન્યું છે. નવા વર્ષની ઉજવણી લોકો શાંતિપૂર્ણ માહોલમાં કરી શકે તે માટે પોલીસ તંત્ર કટિબદ્ધ છે. રાજકોટ શહેરમાં 31 ડિસેમ્બરની યોજાતી પાર્ટીને લઈ આયોજકો માટે મંજૂરી ફરજીયાત કરાઈ છે.

રાજકોટમાં અત્યાર સુધી મંજૂરી માટે માત્ર ચાર જ અરજીઓ આવી છે. જેને લઈ મંજૂરી વગર પાર્ટીનું આયોજન કરનાર આયોજકો પર કડક કાર્યવાહી કરાશે. ડાન્સ પાર્ટીઓમાં મહિલા પોલીસની શી ટીમ પણ ખાસ હાજર રહેશે. આ બાબતે ડીસીપી જગદીશ બાંગરવાએ વધુ માહિતી આપી હતી.

(ઓડિયો : જગદીશ બાંગરવા, ડીસીપી )

---

# Dwarka and Ahmedabad Varsad Farmer

ગુજરાતના અનેક જિલ્લાઓમાં હવામાન વિભાગની આગાહી અનુસાર અમદાવાદ સહિત રાજ્યના અનેક જિલ્લાઓમાં મોડી સાંજથી વહેલી સવારે વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા પડ્યા છે.

આ સાથે જ હજુ પણ બે થી ત્રણ દિવસ કમોસમી વરસાદની આગાહી કરાઈ છે. ઉત્તર ગુજરાત સહિત અમુક જિલ્લામાં આજે પણ છૂટાછવાયા સ્થળોએ વરસાદની આગાહી કરાઈ છે. આજે સવારથી જ અમદાવાદ સહિત રાજ્યના અનેક જિલ્લાઓના વાતાવરણમાં પલટો જોવા મળ્યો. આ સાથે જ દેવભૂમિ દ્વારકા જિલ્લાના વાતાવરણમાં પલટો આવતા ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.

વહેલી સવારથી ધુમ્મસ અને વાદળ છાયું વાતાવરણ જોવા મળતા ખેડૂતોના ચણા, જીરું ,ઘઉં ,ધાણા સહિતના પાકને નુકસાન થવાની ભીતી સેવાઈ રહી છે. ત્યારે માવઠાની આગાહીના પગલે દ્વારકા જિલ્લાના કલેકટર જી.ટી.પંડયા દ્વારા ખેડૂતોને સાવચેત રેહવા જણાવાયું છે.

(ઓડિયો - જી.ટી.પંડયા, કલેકટર, દ્વારકા)

--------------------------------------------------------------------

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in /સ્લેશ/ ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝિક

--------------------------------------------------------------------

## COAST GUARD RESCUE

ભારતીય તટરક્ષક દળે ઉત્તર અરબી સમુદ્રમાં ડૂબી ગયેલા ભારતીય જહાજ MSV તાજ ધરે હરામમાંથી નવ ક્રૂ સભ્યોને સફળતાપૂર્વક બચાવ્યા હતા. આ બચાવ અભિયાન મુંબઈ, ભારત અને પાકિસ્તાનના કરાચીથી સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. મુંદ્રાથી રવાના થયેલું જહાજ યમનના સોકોત્રા તરફ જતું હતું, આ જહાજ 26મીના રોજ સમુદ્રમાં આવેલા તોફાનને કારણે ડૂબી ગયું હતું.

ડૂબી ગયેલા જહાજના ક્રુ સભ્યો દ્વારા દરિયામાં અન્ય જહાજોમાં આશરો લીધો હતો. આ તમામને બચાવીને કોસ્ટ ગાર્ડ ગુજરાતના પોરબંદર હાર્બર ખાતે લવાયા હતા.

---

## Dang Sushasan Saptah

'સુશાસન સપ્તાહ' નાં ભાગ રૂપે ' મહિલા અને બાળ વિકાસ અધિકારીની કચેરી દ્વારા વિવિધ કલ્યાલલક્ષી યોજનાના લાભાર્થીઓને મંજૂરી હુકમ આપવામાં આવ્યા હતા.  ડાંગ જિલ્લા કલેકટર મહેશ પટેલનાં માર્ગદર્શન હેઠળ .મહિલા સ્વાવલંબન યોજના'ના ત્રણ લાભાર્થીઓને લોન વિતરણ કરવામાં આવ્યું હતું.

આ અંગે મહિલા અને બાળ વિકાસ અધિકારી ડોક્ટર મનીષા મુલતાનીએ વધુ માહિતી આપી...

(બાઇટ- મનીષા મુલતાની,  મહિલા અને બાળ વિકાસ અધિકારી, ડાંગ)

---

## POLICE BHARTI BOARD CALL LATTER

ગુજરાત પોલીસ ભરતી માટેની શારીરિક કસોટી આઠમી જાન્યુઆરી 2025ના રોજથી શરૂ થશે, તબક્કાવાર આ પરીક્ષા યોજાશે.

ભરતી બોર્ડ દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે આ કસોટી માટેના કોલ લેટર પહેલી જાન્યુઆરી 2025 નારોજ બે કલાકથી https://ojas.gujarat.gov.in ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

---

# Vijay Hazare Trophy

વિજય હઝારે ટ્રોફીના ત્રીજા રાઉન્ડમાં ગુજરાતે 9 વિકેટે આસામને હરાવી જીત મેળવી છે. આસામની ટીમ ગુજરાત સામે માત્ર 75 રનમાં જ ઓલઆઉટ થઈ હતી. ગુજરાત તરફથી કેપ્ટન ચિંતન ગાજાએ 5 વિકેટ ઝડપી હતી.

જ્યારે અન્ય એક મેચમાં સૌરાષ્ટ્રની ટીમે હૈદરાબાદ સામે 6 વિકેટે જીત હાંસલ કરી હતી. પ્રથમ બેટિંગ કરતા હૈદરાબાદની ટીમ 50 ઓવરમાં 8 વિકેટે 244 રન બનાવી શકી હતી. સૌરાષ્ટ્રની ટીમે 42.5 ઓવરમાં 4 વિકેટમા 248 રન કર્યા હતા. હાર્વિક દેસાઈએ અણનમ 125 રન કરી સૌરાષ્ટ્રની ટીમને જીતાડી.

---------------------------------------------------------------------